સરદાર સરોવર નર્મદા નિગમ લી. ખાતે ફરજ બજાવતાં યોજના અસરગ્રસ્ત તથા કરારના ધોરણે નિયુકિત પામેલ કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
હુકમ ક્રમાંકઃ ઇએસટી/૧૦૨૦૧૮/૩૯૫૧/ન
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૧/૨૦૧૯

વંચાણમાં લીધાઃ-

(૧) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧/પગાર એકમ.

(૨) નાણાં વિભાગનો તા.૨૯/૦૩/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/૧૧/પગાર એકમ(અ).

(૩) નાણાં વિભાગનો તા.૦૪/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: જનવ/૧૦૨૦૧૭/૩૮૪૮૫૬/અ.

(૪) નર્મદા, જ.સં.,પા.પુ.અને કલ્પ.વિભાગના તા.૨૪/૧૨/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: ઇએસટી/૨૦૦૯/આઇબી-૧૦૩/ન.

(૫) સરદાર સરોવર નર્મદા નિગમ લી.ગાંધીનગરની કચેરી, ગાંધીનગરની ક-૧, શાખાનો તા.૧૪/૧૨/૨૦૧૬ની નોંધ.

(૬) સરદાર સરોવર નર્મદા નિગમ લી.ગાંધીનગરના તા.૦૫/૧૧/૨૦૧૧ના હુકમ ક્રમાંક: સસનનિલી/આરઓપી/૨૦૦૯/કરાર ધોરણ/૩૨/ક-૧.

(૭) સરદાર સરોવર નર્મદા નિગમ લી.ગાંધીનગરના બોર્ડ સંચાલક મંડળની તા.૨૨/૦૯/૨૦૧૬ની બેઠકનો ઠરાવ નં.૧૬૮/૧૮.

આમુખ :-

રાજ્ય સરકારે સરદાર સરોવર નર્મદા યોજનાની કામગીરી માટે સરદાર સરોવર નર્મદા નિગમ લી.ની કંપની એકટ ૧૯૫૬ હેઠળ રચના કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૨) અને (૩) પરના નાણાં વિભાગના ઠરાવોથી કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણો અન્વયે રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસો/બોર્ડ નિગમના કર્મચારી/અધિકારીઓને સાતમા પગારભથ્થાઓના લાભ આપવા જોગવાઇ કરેલ છે.

વંચાણે લીધેલ ઉપરોકત ક્રમાંક: (૫) ના સરદાર સરોવર નર્મદા નિગમ લી.ની ગાંધીનગરની કચેરીની ક-૧, શાખાની તા.૧૪/૧૨/૨૦૧૬ની નોંધથી સરદાર સરોવર નર્મદા નિગમમાં અસરગ્રસ્તો તથા કરાર આધારિત ધોરણે નિમણુક પામેલ કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગારપંચનો લાભ આપવાની દરખાસ્ત મળેલ હતી.

સરદાર સરોવર નર્મદા નિગમના બોર્ડે તા.૨૨/૦૯/૨૦૧૬ના રોજની બેઠકમાં એજન્ડા ઠરાવ નં.૧૬૮/૧૮ ને બેઠકમાં મંજુર કરી નિગમમાં જમીન અસરગ્રસ્તો તથા કરાર આધારિત ધોરણે નિમણૂક પામેલ કર્મચારીઓ/ અધિકારીઓને સાતમા પગારપંચનો લાભ આપવાની અનુમતિ આપેલ છે. તે અન્વયે ઉકત વંચાણે લીધેલ ક્રમાંક: (૨) તથા (૩) પરના નાણાં વિભાગના ઠરાવ તેમજ આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) ના પત્રથી નિગમના કર્મચારી/અધિકારીઓને છઠ્ઠા પગારપંચના અપાયેલ લાભોને ધ્યાને લેતાં સરદાર સરોવર નર્મદા નિગમ લી.ના નિમણૂક પામેલ અસરગ્રસ્તો તથા કરાર આધારિત કર્મચારી/ અધિકારીઓને સાતમાં પગારપંચનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

## ઠરાવ:-

સરદાર સરોવર નર્મદા નિગમ લી. દ્વારા નિમણૂક પામેલ અસરગ્રસ્તો તથા કરાર આધારિત કર્મચારી/અધિકારીઓને સાતમા પગારપંચ મુજબના પે મેટ્રીક્ષ મુજબના આધારે પગાર નકકી થતાં લઘુતમ પગારમાં ૩%નો ઘટાડો કરી નવું પગાર ધોરણ નીચે મુજબ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | તા.૧/૧/૧૬ ની સ્થિતીએ મંજૂર જગ્યાઓ | તા.૧/૧/૧૬ની સ્થિતીએ ભરાયેલ જગ્યાઓ | છઠ્ઠાપગાર પંચ વખતે મંજૂર કરવામાં આવેલ પે બેન્ડ અને ગ્રેડ પે | | સાતમા પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષમાં ગ્રેડપે આધારીત લેવલ | સાતમા પગાર પંચ મુજબ લઘુત્તમ પગારમાં ૩% ઘટાડો કરી આપવાનો થતો લુઘત્તમ પગાર |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨ | | | પગાર ધોરણ | ગ્રેડ પે | | |
| **યોજના અસરગ્રસ્ત કર્મચારીઓ** | | | | | | | |
| ૧ | જુનિયર કલાર્ક | ૧૧૯ | ૧૧૭ | ૫૦૫૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૩૦૦ |
| ૨ | પટાવાળા | ૧૯૧ | ૧૮૯ | ૪૩૧૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૪૦૦ |
| ૩ | ચોકીદાર | ૫૨ | ૫૧ | ૪૩૧૦ | ૧૩૦૦ | IS-1 | ૧૪૪૦૦ |
| યોજના અસરગ્રસ્ત કુલ | | ૩૬૨ | ૩૫૭ | | | | |
| **કરાર આધારીત કર્મચારીઓ** | | | | | | | |
| ૪ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૯ | ૯ | ૯૦૩૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૪૩૦૦ |
| ૫ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૫ | ૫ | ૯૦૩૦-૩૪૮૦૦ | ૪૨૦૦ | ૬ | ૩૪૩૦૦ |
| ૬ | એકસ રે ટેકિનશિયન | ૧ | ૧ | ૫૦૫૦-૨૦૨૦ | ૨૮૦૦ | ૫ | ૨૮૩૦૦ |
| ૭ | ટેલેક્ષ ઓપરેટર | ૧ | ૧ | ૫૦૫૦-૨૦૨૦ | ૨૪૦૦ | ૪ | ૨૪૭૦૦ |
| ૮ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ | ૨ | ૫૦૫૦-૨૦૨૦ | ૨૪૦૦ | ૪ | ૨૪૭૦૦ |
| ૯ | ડ્રાઇવર | ૪૨ | ૪૨ | ૫૦૫૦-૨૦૨૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૩૦૦ |
| ૧૦ | ટેલિફોન ઓપરેટર | ૧ | ૧ | ૫૦૫૦-૨૦૨૦ | ૧૯૦૦ | ૨ | ૧૯૩૦૦ |
| ૧૧ | પટાવાળા | ૪ | ૪ | ૪૩૧૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧ | ૧૪૪૦૦ |

-૩-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | રોનિયો ઓપરેટર | ૧ | ૧ | ૪૩૧૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧ | ૧૪૪૦૦ |
| ૧૩ | હમાલ | ૨ | ૨ | ૪૩૧૦-૭૪૪૦ | ૧૩૦૦ | ૧ | ૧૪૪૦૦ |
| કરાર આધારિત કુલ | ૬૮ | ૬૮ | | | | | |
| યોજના અસર ગ્રસ્ત | ૩૫૭ | | | | | | |
| કુલ | ૪૨૫ | કુલ- ૪૨૫ | | | | | |

(નોંધ:- નિગમના કર્મચારીઓને શરૂઆતના પગારમાં એક ઇજાફો ઓછો ગણીને પગાર ૩% પે બેન્ડની રકમ ઓછી કરીને છઠ્ઠા પગારા પંચના પગાર ધોરણ નાણા વિભાગ દ્વારા નકકી કરવામાં આવેલ છે. અને તે મુજબ સાતમા પગારપંચના શરૂઆતના પે મેટ્રીક્ષમાં ૩% બાદ કરી નકકી કરવામાં આવેલ છે.)

નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલ ઉકત માહિતી ધ્યાને લઇ સરદાર સરોવર નર્મદા નિગમના કરારીય અને યોજના અસરગ્રસ્ત કર્મચારીઓને કે જેઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે તેવા ઉકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના સંવર્ગના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવા માટે નિર્ણય લેવામાં આવેલ છે.

સરદાર સરોવર નર્મદા નિગમ ખાતે ફરજ બજાવતા વિવિધ સંવર્ગોનું વિગતવાર પત્રક ઉપરોકત દર્શાવ્યા મુજબ છે, તે મુજબના કરારીય અને યોજના અસરગ્રસ્ત કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા અંગેની દરખાસ્તને નીચેની શરતોએ મંજૂરી આપવામાં આવે છે.

<u>સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા નીચેની શરતોનું પાલન કરવાનું રહેશે.</u>

(૧) ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ જગ્યાઓ સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી. ઉપરાંત ફીકસ પગારની કે અન્ય કરારીય જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી.

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા રાજય સરકારની મંજૂરી વિના કોઇ જગ્યા બોર્ડમાં ઠરાવ કરીને ઉભી કરી શકાશે નહી અને તેને સાતમા પગારપંચ મુજબનો પગાર આપી શકાશે નહી. જેટલી જગ્યાઓ માટે સાતમા પગાર પંચનો લાભ આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે તે સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગારપંચનો લાભ આપી શકાશે નહી આ માટે પાછળથી નિગમ પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી હાથ ધરશે તો નિગમના મેનેજીંગ ડીરેકટર તેમજ વહીવટી અધિકારીની જવાબદારી નકકી કરવાની રહેશે.

(૩) સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા આ પગાર સુધારણાનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૬ થી ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ને ધ્યાને લઇને અનુસાર અને તેની જોગવાઇઓને આધિન સુધારેલ ' સ્કેલ ટુ સ્કેલ ' ના ધોરણે કરવાનો રહેશે જયારે તેનો વાસ્તવિક અમલ વહિવટી વિભાગ દ્વારા આ અંગેના હૂકમો કરવામાં આવે તે મહિનાના પછીના મહિનાની પહેલી તારીખથી અમલ કરવાનો રહેશે. તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગાર ચૂકવણી સુધીના સમયગાળાના તફાવતની રકમ ચૂકવવા અંગે અલગથી મંજૂરી મેળવવાની રહેશે. રાજય સરકારના કર્મચારીઓ માટે જયારે નિર્ણય લેવામાં આવે ત્યારે અને તે મુજબ ચૂકવણી કરવાની રહેશે.

(૪) હાલમાં મળતા તમામ ભથ્થાઓ તેમજ મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય લાભો છઠ્ઠા પગારપંચના પગાર મુજબ તેમજ તે દર મુજબ મળવાપાત્ર થશે.

(૫) ઉપર જણાવેલ કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ સુધારેલ પગાર ધોરણ પણ નિગમ દ્વારા ચકાસવાના રહેશે અને સુધારેલ સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે તેમા વિસંગતતા જણાયે પુન: દરખાસ્ત કરી મંજૂરી મેળવાની રહેશે.

(૬) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગારપંચ પ્રમાણે ઓન લાઇન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી થઇ શકશે નહી. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નકકી કરવાની રહેશે.

(૭) સરદાર સરોવર નર્મદા નિગમ ખાતે તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતીએ કરારના ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા ૬૮ છે જયારે નર્મદા યોજના અસરગ્રસ્ત તરીકે ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા ૩૫૭ છે. જે મળી કુલ ૪૨૫ કરારીય અને યોજના અસરગ્રસ્ત કર્મચારીઓ ફરજો બજાવે છે. નિગમ ખાતે ખાલી રહેલ તેમજ હવે પછી ખાલી થનાર જગ્યાઓ રદ કરવાની રહેશે અને તે અંગેના વિધિસર હુકમો કરવાના રહેશે. આ રદ થનાર જગ્યાઓ પુન: જીવીત કરવાની રહેશે નહીં.

(૮) નિગમની કોઇ વધારાની જગ્યા પોતાની રીતે ભરી હશે તો, અથવા આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી.

(૯) નિગમ દ્વારા રાજય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને આઉટસોર્સથી કામગીરી લઇ શકાતી હોય તેવી જગ્યાઓને કામગીરી આઉટસોર્સથી મેળવવાની રહેશે.

(૧૦) નિગમના તમામ કર્મચારીઓનું IFMS સીસ્ટમ દ્વારા ફરજીયાત પણે ઓન લાઇન પે-ફીકસેશન તથા ઓન લાઇન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરી ફીકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફીકસેશન કરાવવાનું રહેશે. છઠ્ઠા પગારપંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફીકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો અધતન કરી, ત્યાર બાદ જ સાતમા પગારપંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

(૧૧) ઉપરોકત વિગતોને ધ્યાને લઇ સરદાર સરોવર નર્મદા નિગમના કરારીય અને યોજના અસરગ્રસ્ત કર્મચારીઓને સાતમા પગારપંચને આધારે પગાર સુધારણા અંગેની ભલામણોને ધ્યાને રાખીને ઉપરોકત પત્રકમાં દર્શાવ્યા મુજબ પગાર સુધારણા મંજૂર કરવામાં આવે. છઠ્ઠા પગાર પંચ વખતે નિગમના કર્મચારીઓને શરૂઆતના પગારમાં એક ઇજાફો ઓછો ગણીને (પગારના ૩% પે બેન્ડની રકમ ઓછી કરીને) છઠ્ઠા પગારપંચનો પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ હતો. તે મુજબ સાતમા પગારપંચના પગાર સુધારણા વખતે પણ લઘુત્તમ પગાર ધોરણના પે મેટ્રીક્ષમાં 3% બાદ કરી પગાર સુધારણાનો લાભ મંજૂર કરવાનો રહેશે.

(૧૨) સરદાર સરોવર નર્મદા નિગમ લી.ખાતે અસરગ્રસ્ત તથા કરારીય ધોરણે નિમણૂંક પામેલ કર્મચારીઓ/અધિકારીઓ ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ સમકક્ષ ગણી શકાય નહી, તેથી ઉકત અસરગ્રસ્ત તથા કરારીય ધોરણે નિમણૂક પામેલ કર્મચારીઓ/અધિકારીઓને ROP-2016 લાગુ પડતા નથી. પરંતુ અગાઉના પાંચમા પગારપંચ તથા છઠ્ઠા પગારપંચ વખતે એક ઇજાફો ઘટાડીને નવા પગાર ધોરણ બનાવી તે મુજબ પગાર સુધારણા કરેલ છે. તે મુજબ સાતમાપગાર પંચને મંજુરી આપવામાં આવે છે.

(૧૩) સદરહુ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારી/અધીકારીઓને કુલ-૧૨% લેખેની મર્યાદામાં સી.પી.એફ.ની કપાત ચાલુ રાખવામાં આવી હોય તો તે મુજબ પ્રવર્તમાન નિયમોને આધિન સી.પી.એફ.ની કપાત ૧૨% લેખે કરવાની રહેશે.

(૧૪) ઉપર દર્શાવેલ જગ્યા સિવાયની કોઇપણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી.

(૧૫) સાતમા પગાર પંચ સંબંધિત રાજય સરકાર દ્વારા રાજય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. નિગમ પોતાની સત્તાની રૂએ કોઇ છુટછાટ આપી શકશે નહીં.

(૧૬) નિગમ દ્વારા રાજય સરકારની મંજૂરી વિના હવે પછી કોઇ જગ્યા બોર્ડમાં ઠરાવ કરીને ઉભી કરી શકાશે નહીં અને તેને સાતમા પગારપંચ મુજબનો પગાર આપી શકાશે નહીં.

(૧૭) નિગમ પોતાની સત્તાની રૂએ કોઇ પણ નવી જગ્યાઓ ઉભી કરી શકશે નહીં અને કોઇપણ કર્મચારીની ભરતી કરી શકશે નહી. આ શરતનો અમલ ન કરવામાં આવતા વહીવટી નિયામકની જવાબદારી નકકી કરવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૯/૧૦/૨૦૧૮ તથા સરકારશ્રીની તા.૧૫/૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એમ.જાદવ)
ઉપ સચિવ (જ.સં.)
નર્મદા, જળસંપત્તિ અને ક.વિભાગ

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણા) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી.સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નાયબ નિયામકશ્રી, ઇ.ડી.પી.સેલ., પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી.બ્લોક નં.૧૨, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮.
- આઇ.ટી.કોર્ડીનેટ સેલ, નર્મદા, જળસંપત્તી, પાણી પુરવઠા અને ક.વિભાગ, આ ઠરાવ આ વિભાગની વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.